**Extra No. 9**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] TUESDAY, JANUARY 6, 2026 / PAUSHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૬

**મોરબી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ**

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૧-મોરબી-જિ.પં.-૨૦૨૬**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ‘‘અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)ની કલમ-૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ-૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: KPV-52-DC-ELC-L-4-DP-21-2025, તા. 09-09-2025 (જેનો હવે પછી ‘‘જાહેરનામા’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અન્વયે મોરબી જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી | બિન અનામત સામાન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | | |
| | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| મોરબી | ૨૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૩ | ૩ | ૮ | ૭ |

૨. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રકિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪, (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ-૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છેઃ

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ -૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક

અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા આરક્ષિત વર્ગો માટે બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩)માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપૂર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

મોરબી જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૬,૦૧,૩૯૭ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૨૫૦૫૮ હોવી જોઈએ. જેમાં ૨૦% વધઘટ મુજબ વધ સાથે મહત્તમ વસતી ૩૦૦૭૦ તથા ઘટ સાથે લઘુત્તમ વસતી ૨૦૦૪૬ હોઈ શકે. તેથી પણ

વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

| અ. નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૪ | ચરાડવા, તા. હળવદ | ૩૦૬૧૯ | (+) ૨.૧૯ |
| ૨ | ૮ | જાંબુડીયા, તા. મોરબી | ૧૯૦૫૭ | (-) ૩.૯૫ |
| ૩ | ૧૩ | મહિકા, તા. વાંકાનેર | ૩૧૭૨૫ | (+) ૬.૬૧ |
| ૪ | ૨૦ | રાતીદેવળી, તા. વાંકાનેર | ૩૧૨૮૬ | (+) ૪.૮૫ |

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ મોરબી જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩ માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની | | | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસૂચિત જાતિની | | અનુસૂચિત આદિજાતિની | | | |
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| ૧ | આમરણ તા. મોરબી | ૧-આમરણ | ૩૫૮૧ | ૮૨૮૮ | ૭૯૩ | ૯.૫૭ | ૧૪ | ૦.૧૭ | | |
| | | ૩-બેલા (આ) | ૧૪૮૭ | ૭૮૮૯ | ૩૬૧ | ૪.૫૮ | ૭ | ૦.૦૯ | | |
| | | ૧૬-મોડપર | ૧૫૦૬ | ૬૮૪૭ | ૫૪૧ | ૭.૯૦ | ૭ | ૦.૧૦ | | |
| | | કુલ | | ૨૩૦૨૪ | ૧૬૯૫ | ૭.૩૬ | ૨૮ | ૦.૧૨ | ૧૦ | ૧૯ |
| ૨ | બગથળા તા. મોરબી | ૨-બગથળા | ૪૪૮૬ | ૭૩૭૨ | ૬૩૯ | ૮.૬૭ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૧-ખાનપર | ૩૪૫૩ | ૬૯૯૨ | ૬૧૪ | ૮.૭૮ | ૨૪ | ૦.૩૪ | | |
| | | ૧૮-પંચાસર | ૨૩૩૯ | ૬૭૮૮ | ૭૩૭ | ૧૦.૮૬ | ૩ | ૦.૦૪ | | |
| | | ૨૧-રાજપર | ૩૦૩૯ | ૬૮૫૯ | ૫૩૪ | ૭.૭૯ | ૨૯ | ૦.૪૨ | | |
| | | કુલ | | ૨૮૦૧૧ | ૨૫૨૪ | ૯.૦૧ | ૫૬ | ૦.૨૦ | ૭ | ૧૪ |
| ૩ | ચંદ્રપૂર તા. વાંકાનેર | ૨-ચંદ્રપૂર | ૮૯૦૬ | ૮૯૦૬ | ૨૫૮ | ૨.૯૦ | ૬૧ | ૦.૬૮ | | |
| | | ૫-ગાંગિયાવદર | ૧૫૧૦ | ૭૫૭૯ | ૨૮૧ | ૩.૭૧ | ૬ | ૦.૦૮ | | |
| | | ૧૨-લૂણસર | ૩૫૦૨ | ૬૩૪૮ | ૩૪૬ | ૫.૪૫ | ૫ | ૦.૦૮ | | |
| | | ૨૨-સરધારકા | ૨૦૫૪ | ૬૬૭૨ | ૨૦૦ | ૩.૦૦ | ૦ | ૦.૦૦ | | |
| | | કુલ | | ૨૯૫૦૫ | ૧૦૮૫ | ૩.૬૮ | ૭૨ | ૦.૨૪ | ૨૦ | ૧૨ |

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| ૪ | ચરાડવા તા. હળવદ | ૨-ચરાડવા | ૮૨૫૬ | ૮૨૫૬ | ૭૦૫ | ૮.૫૪ | ૫ | ૦.૦૬ | | |
| | | ૭-જૂના દેવળીયા | ૪૫૯૨ | ૭૭૧૪ | ૪૯૬ | ૬.૪૩ | ૧૮ | ૦.૨૩ | | |
| | | ૧૩-નવા દેવળીયા | ૨૮૨૫ | ૭૪૨૭ | ૬૦૩ | ૮.૧૨ | ૧૪ | ૦.૧૯ | | |
| | | ૧૮-રાતાભે | ૩૪૧૪ | ૭૨૨૨ | ૩૫૦ | ૪.૮૫ | ૧૨ | ૦.૧૭ | | |
| | | કુલ | | ૩૦૬૧૯ | ૨૧૫૪ | ૭.૦૩ | ૪૯ | ૦.૧૬ | ૧૨ | ૧૮ |
| ૫ | ઢુવા તા. વાંકાનેર | ૩-ચિત્રાખડા | ૧૫૭૬ | ૮૦૪૩ | ૧૬૯ | ૨.૧૦ | ૪ | ૦.૦૫ | | |
| | | ૪-ઢુવા | ૩૦૩૭ | ૬૨૭૩ | ૩૬૭ | ૫.૮૫ | ૨૬૩ | ૪.૧૯ | | |
| | | ૮-જેતપરડા | ૧૨૯૮ | ૭૦૦૨ | ૪૬ | ૦.૬૬ | ૫ | ૦.૦૭ | | |
| | | ૧૪-માટેલ | ૨૭૭૨ | ૭૪૩૪ | ૧૮૮ | ૨.૫૩ | ૧ | ૦.૦૧ | | |
| | | કુલ | | ૨૮૭૫૨ | ૭૭૦ | ૨.૬૮ | ૨૭૩ | ૦.૯૫ | ૨૪ | ૫ |
| ૬ | ઘનશ્યામપૂર તા. હળવદ | ૫-ઘનશ્યામપુર | ૪૨૧૬ | ૬૦૪૮ | ૪૬૩ | ૭.૬૬ | ૨૫ | ૦.૪૧ | | |
| | | ૮-કડીયાણા | ૨૯૬૯ | ૭૪૩૫ | ૨૧૬ | ૨.૯૧ | ૨૩ | ૦.૩૧ | | |
| | | ૧૨-મયુરનગર | ૩૦૭૬ | ૭૪૨૩ | ૬૯૧ | ૯.૩૧ | ૭ | ૦.૦૯ | | |
| | | ૧૭-રાણેકપર | ૨૩૯૧ | ૫૭૬૫ | ૨૮૩ | ૪.૯૧ | ૧ | ૦.૦૨ | | |
| | | કુલ | | ૨૬૬૭૧ | ૧૬૫૩ | ૬.૨૦ | ૫૬ | ૦.૨૧ | ૧૪ | ૧૩ |
| ૭ | ઘુંટુ તા. મોરબી | ૬-ઘુંટુ | ૮૦૪૧ | ૮૦૪૧ | ૧૦૧૧ | ૧૨.૫૭ | ૨૭૨ | ૩.૩૮ | | |
| | | ૧૨-ખરેડા | ૩૩૫૨ | ૬૬૫૨ | ૩૮૭ | ૫.૮૨ | ૩૦ | ૦.૪૫ | | |
| | | ૨૦-પીપળી | ૩૧૬૫ | ૭૧૫૯ | ૭૭૫ | ૧૦.૮૩ | ૩૬ | ૦.૫૦ | | |
| | | કુલ | | ૨૧૮૫૨ | ૨૧૭૩ | ૯.૯૪ | ૩૩૮ | ૧.૫૫ | ૪ | ૨ |
| ૮ | જાંબુડીયા તા. મોરબી | ૫-ધુનડા(સ) | ૨૯૩૫ | ૫૫૫૨ | ૩૯૨ | ૭.૦૬ | ૩૯ | ૦.૭૦ | | |
| | | ૭-જાંબુડીયા | ૭૩૧૨ | ૭૩૧૨ | ૧૨૧૮ | ૧૬.૬૬ | ૩૨૭ | ૪.૪૭ | | |
| | | ૧૩-લાલપર | ૪૩૫૮ | ૬૧૯૩ | ૫૦૨ | ૮.૧૧ | ૫૨૭ | ૮.૫૧ | | |
| | | કુલ | | ૧૯૦૫૭ | ૨૧૧૨ | ૧૧.૦૮ | ૮૯૩ | ૪.૬૯ | ૩ | ૧ |
| ૯ | જેતપર તા. મોરબી | ૪-ગાળા | ૧૯૫૭ | ૭૫૧૯ | ૪૩૭ | ૫.૮૧ | ૦ | ૦.૦૦ | | |
| | | ૮-જેતપર | ૪૯૩૪ | ૮૮૪૮ | ૬૦૫ | ૬.૮૪ | ૯૯ | ૧.૧૨ | | |
| | | ૯-જુના નાગડાવાસ | ૧૭૯૪ | ૬૫૯૯ | ૩૧૭ | ૪.૮૦ | ૩૯ | ૦.૫૯ | | |
| | | કુલ | | ૨૨૯૬૬ | ૧૩૫૯ | ૫.૯૨ | ૧૩૮ | ૦.૬૦ | ૧૬ | ૯ |

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| ૧૦ | ખાખરેચી તા.માળીયા (મીં) | ૪-જૂના ઘાટીલા | ૪૩૧૩ | ૪૩૧૩ | ૧૫૮ | ૩.૬૬ | ૦ | ૦.૦૦ | | |
| | | ૫-કાજરડા | ૨૬૦૦ | ૪૨૨૧ | ૬ | ૦.૧૪ | ૧૮ | ૦.૪૩ | | |
| | | ૬-ખાખરેચી | ૪૯૫૦ | ૪૯૫૦ | ૨૯૦ | ૫.૮૬ | ૩ | ૦.૦૬ | | |
| | | ૧૫-વેજલપર | ૧૮૬૪ | ૩૫૩૨ | ૭૦ | ૧.૯૮ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૬-વેણાસર | ૧૪૫૬ | ૪૧૯૭ | ૧૧૪ | ૨.૭૨ | ૦ | ૦.૦૦ | | |
| | | કુલ | | ૨૧૨૧૩ | ૬૩૮ | ૩.૦૧ | ૨૧ | ૦.૧૦ | ૨૨ | ૨૧ |
| ૧૧ | લજાઇ તા. ટંકારા | ૩-હડમતીયા | ૩૨૮૩ | ૬૦૫૯ | ૬૨૧ | ૧૦.૨૫ | ૩૦ | ૦.૫૦ | | |
| | | ૫-લજાઇ | ૪૧૨૬ | ૪૧૨૬ | ૬૧૮ | ૧૪.૯૮ | ૪ | ૦.૧૦ | | |
| | | ૮-નસીતપર | ૨૧૫૯ | ૪૧૯૮ | ૬૦૧ | ૧૪.૩૨ | ૪૦ | ૦.૯૫ | | |
| | | ૧૦-નેસડા(ખા) | ૧૭૬૫ | ૪૩૧૦ | ૩૭૧ | ૮.૬૧ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૬-વીરપર | ૨૯૭૪ | ૨૯૭૪ | ૩૩૬ | ૧૧.૩૦ | ૯૮ | ૩.૩૦ | | |
| | | કુલ | | ૨૧૬૬૭ | ૨૫૪૭ | ૧૧.૭૬ | ૧૭૨ | ૦.૭૯ | ૧ | ૭ |
| ૧૨ | લક્ષ્મીનગર તા. મોરબી | ૧૦-ખાખરળા | ૨૩૩૯ | ૭૬૩૯ | ૬૬૪ | ૮.૬૯ | ૫૦ | ૦.૬૫ | | |
| | | ૧૪-લક્ષ્મીનગર | ૨૪૦૪ | ૭૫૧૯ | ૭૯૦ | ૧૦.૫૧ | ૩૧ | ૦.૪૧ | | |
| | | ૨૨-વનાળીયા | ૧૯૦૫ | ૭૧૩૦ | ૫૭૬ | ૮.૦૮ | ૬૭ | ૦.૯૪ | | |
| | | કુલ | | ૨૨૨૮૮ | ૨૦૩૦ | ૯.૧૧ | ૧૪૮ | ૦.૬૬ | ૬ | ૮ |
| ૧૩ | મહિકા તા. વાંકાનેર | ૬-ગારીયા | ૨૧૫૮ | ૭૧૩૦ | ૧૦૧ | ૧.૪૨ | ૨ | ૦.૦૩ | | |
| | | ૧૩-મહિકા | ૩૩૩૦ | ૮૨૪૦ | ૬૪૩ | ૭.૮૦ | ૪૫ | ૦.૫૫ | | |
| | | ૧૫-મેસરીયા | ૩૧૫૭ | ૮૩૩૯ | ૭૪૧ | ૮.૮૯ | ૫ | ૦.૦૬ | | |
| | | ૨૦-રાતડીયા | ૧૪૧૦ | ૮૦૧૬ | ૨૪૫ | ૩.૦૬ | ૦ | ૦.૦૦ | | |
| | | કુલ | | ૩૧૭૨૫ | ૧૭૩૦ | ૫.૪૫ | ૫૨ | ૦.૧૬ | ૧૭ | ૧૭ |
| ૧૪ | મકનસર તા. મોરબી | ૧૫-મકનસર | ૭૧૧૨ | ૭૬૦૫ | ૧૨૧૭ | ૧૬.૦૦ | ૧૬૮ | ૨.૨૧ | | |
| | | ૧૭-નીચી માંડલ | ૨૪૪૫ | ૬૨૬૭ | ૭૦૯ | ૧૧.૩૧ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૯-પાનેલી | ૪૨૧૭ | ૬૬૧૮ | ૩૪૮ | ૫.૨૬ | ૮ | ૦.૧૨ | | |
| | | કુલ | | ૨૦૪૯૦ | ૨૨૭૪ | ૧૧.૧૦ | ૧૭૬ | ૦.૮૬ | ૨ | ૬ |
| ૧૫ | માથક તા. હળવદ | ૩-ચુંપણી | ૨૨૬૦ | ૬૪૭૦ | ૭૭ | ૧.૧૯ | ૬ | ૦.૦૯ | | |
| | | ૪-દીઘડિયા | ૨૬૮૪ | ૭૪૦૬ | ૩૧૩ | ૪.૨૩ | ૦ | ૦.૦૦ | | |

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| | | ૧૧-માથક | ૪૦૯૫ | ૬૪૮૮ | ૩૬૭ | ૫.૬૬ | ૮ | ૦.૧૨ | | |
| | | ૧૬-રણછોડગઢ | ૨૨૪૭ | ૬૩૫૩ | ૬૦ | ૦.૯૪ | ૯ | ૦.૧૪ | | |
| | | કુલ | | ૨૬૭૧૭ | ૮૧૭ | ૩.૦૬ | ૨૩ | ૦.૦૯ | ૨૧ | ૨૨ |
| ૧૬ | મોટા દહસિરા તા. માળીયા (મીં) | ૧-બગસરા | ૯૦૩ | ૩૩૭૮ | ૯૪ | ૨.૭૮ | ૧ | ૦.૦૩ | | |
| | | ૩-બોડકી | ૧૭૦૫ | ૪૩૧૮ | ૨૪૦ | ૫.૫૬ | ૦ | ૦.૦૦ | | |
| | | ૮-મોટા દહિસરા-૧ | ૫૧૧૪ | ૪૦૮૮ | ૨૫૯ | ૬.૩૪ | ૦ | ૦.૦૦ | | |
| | | ૯-મોટા દહિસરા-૨ | ૫૧૧૪ | ૪૪૫૫ | ૨૪૦ | ૫.૩૯ | ૪ | ૦.૦૯ | | |
| | | ૧૪-વવાણીયા | ૪૩૫૬ | ૪૩૫૬ | ૧૫૧ | ૩.૪૭ | ૯ | ૦.૨૧ | | |
| | | કુલ | | ૨૦૫૯૫ | ૯૮૪ | ૪.૭૮ | ૧૪ | ૦.૦૭ | ૧૮ | ૨૩ |
| ૧૭ | નેકનામ તા. ટંકારા | ૨-છતર | ૧૯૭૦ | ૪૩૬૮ | ૨૮૨ | ૬.૪૬ | ૨૧ | ૦.૪૮ | | |
| | | ૬-મીતાણા | ૨૯૩૭ | ૪૩૦૬ | ૨૮૧ | ૬.૫૩ | ૬૫ | ૧.૫૧ | | |
| | | ૯-નેકનામ | ૩૫૫૨ | ૪૦૫૬ | ૨૬૪ | ૬.૫૧ | ૬૮ | ૧.૬૮ | | |
| | | ૧૩-રોહીશાળા | ૧૪૪૬ | ૪૮૮૯ | ૫૫૧ | ૧૧.૨૭ | ૯૪ | ૧.૯૨ | | |
| | | ૧૫-ટોળ | ૧૭૪૮ | ૪૫૨૯ | ૨૪૯ | ૫.૫૦ | ૨ | ૦.૦૪ | | |
| | | કુલ | | ૨૨૧૪૮ | ૧૬૨૭ | ૭.૩૫ | ૨૫૦ | ૧.૧૩ | ૧૧ | ૩ |
| ૧૮ | ઓટાળા તા. ટંકારા | ૧-બંગાવડી | ૨૦૩૫ | ૪૩૫૧ | ૪૬૬ | ૧૦.૭૧ | ૬૪ | ૧.૪૭ | | |
| | | ૪-હરબટીયાળી | ૨૦૮૧ | ૩૯૭૭ | ૨૯૨ | ૭.૩૪ | ૨૯ | ૦.૭૩ | | |
| | | ૭-નાના ખીજડીયા | ૨૧૩૪ | ૪૪૧૦ | ૫૨૪ | ૧૧.૮૮ | ૧૪ | ૦.૩૨ | | |
| | | ૧૧-નેસડા(સુ) | ૨૧૩૩ | ૩૭૦૭ | ૨૯૩ | ૭.૯૦ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૨-ઓટાળા | ૨૩૧૦ | ૩૯૯૦ | ૨૯૪ | ૭.૩૭ | ૫ | ૦.૧૩ | | |
| | | ૧૪-સરાયા | ૧૪૫૩ | ૩૯૨૫ | ૨૨૧ | ૫.૬૩ | ૦ | ૦.૦૦ | | |
| | | કુલ | | ૨૪૩૬૦ | ૨૦૯૦ | ૮.૫૮ | ૧૧૨ | ૦.૪૬ | ૮ | ૧૦ |
| ૧૯ | રાજાવડલા તા. વાંકાનેર | ૯-કણકોટ | ૨૨૭૯ | ૬૪૧૦ | ૨૮૫ | ૪.૪૫ | ૮ | ૦.૧૨ | | |
| | | ૧૦-ખખાણા | ૧૬૮૪ | ૬૯૩૮ | ૭૬ | ૧.૧૦ | ૦ | ૦.૦૦ | | |

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની | | | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસૂચિત જાતિની | | અનુસૂચિત આદિજાતિની | | | |
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| | | ૧૧-કોઠી | ૩૪૯૮ | ૭૭૬૪ | ૧૫૪ | ૧.૯૮ | ૬ | ૦.૦૮ | | |
| | | ૧૯-રાજાવડલા | ૪૨૯૩ | ૭૬૯૫ | ૨૮૮ | ૩.૭૪ | ૩૫ | ૦.૪૫ | | |
| | | કુલ | | ૨૮૮૦૭ | ૮૦૩ | ૨.૭૯ | ૪૯ | ૦.૧૭ | ૨૩ | ૧૬ |
| ૨૦ | રાતીદેવળી તા. વાંકાનેર | ૭-હશનપર | ૩૫૮૬ | ૭૩૫૩ | ૪૧૬ | ૫.૬૬ | ૩૨ | ૦.૪૪ | | |
| | | ૧૬-પંચાસર | ૨૩૦૮ | ૮૭૧૩ | ૬૫૦ | ૭.૪૬ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૭-પંચાસીયા | ૪૩૧૩ | ૭૬૮૦ | ૪૦૩ | ૫.૨૫ | ૪ | ૦.૦૫ | | |
| | | ૨૧-રાતીદેવળી | ૪૪૮૦ | ૭૫૪૦ | ૧૦૬૮ | ૧૪.૧૬ | ૧૯ | ૦.૨૫ | | |
| | | કુલ | | ૩૧૨૮૬ | ૨૫૩૭ | ૮.૧૧ | ૫૫ | ૦.૧૮ | ૯ | ૧૫ |
| ૨૧ | સાપકડા તા. હળવદ | ૯-કવાડીયા | ૨૩૪૯ | ૫૮૩૯ | ૪૨૪ | ૭.૨૬ | ૨૨ | ૦.૩૮ | | |
| | | ૧૦-માલણીયાદ | ૩૪૪૬ | ૭૬૭૯ | ૪૨૮ | ૫.૫૭ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૫-રણમલપૂર | ૨૪૫૧ | ૬૭૨૨ | ૩૧૯ | ૪.૭૫ | ૫ | ૦.૦૭ | | |
| | | ૧૯-સાપકડા | ૩૬૮૧ | ૬૩૪૧ | ૧૩૮૬ | ૨૧.૮૬ | ૩ | ૦.૦૫ | | |
| | | કુલ | | ૨૬૫૮૧ | ૨૫૫૭ | ૯.૬૨ | ૩૦ | ૦.૧૧ | ૫ | ૨૦ |
| ૨૨ | સરવડ તા. માળીયા (મીં) | ૨-ભાવપર | ૧૭૫૧ | ૩૪૧૯ | ૧૭૫ | ૫.૧૨ | ૦ | ૦.૦૦ | | |
| | | ૭-મેઘપર | ૧૩૧૧ | ૩૫૮૦ | ૩૯૯ | ૧૧.૧૫ | ૪ | ૦.૧૧ | | |
| | | ૧૦-નાની બરાર | ૨૦૯૫ | ૩૩૬૨ | ૮૧ | ૨.૪૧ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૧-નવાગામ | ૧૫૧૫ | ૩૫૪૬ | ૧૬૫ | ૪.૬૫ | ૦ | ૦.૦૦ | | |
| | | ૧૨-સરવડ | ૩૦૫૯ | ૩૭૦૪ | ૨૩૨ | ૬.૨૬ | ૪ | ૦.૧૧ | | |
| | | ૧૩-વાધરવા | ૧૦૭૪ | ૩૩૦૯ | ૨૪૬ | ૭.૪૩ | ૩ | ૦.૦૯ | | |
| | | કુલ | | ૨૦૯૨૦ | ૧૨૯૮ | ૬.૨૦ | ૧૧ | ૦.૦૫ | ૧૩ | ૨૪ |
| ૨૩ | ટીકર (રણ) તા. હળવદ | ૧-અજીતગઢ | ૨૦૫૫ | ૫૭૯૪ | ૧૨૫ | ૨.૧૬ | ૪ | ૦.૦૭ | | |
| | | ૬-ઈશનપૂર | ૨૫૬૮ | ૬૪૦૭ | ૯૩૪ | ૧૪.૫૮ | ૮ | ૦.૧૨ | | |
| | | ૧૪-નવા ઘનશ્યામગઢ | ૨૭૮૭ | ૬૧૧૩ | ૧૨૧ | ૧.૯૮ | ૪ | ૦.૦૭ | | |
| | | ૨૦-ટીકર(રણ) | ૫૯૪૦ | ૬૪૮૩ | ૩૩૭ | ૫.૨૦ | ૬૨ | ૦.૯૬ | | |
| | | કુલ | | ૨૪૭૯૭ | ૧૫૧૭ | ૬.૧૨ | ૭૮ | ૦.૩૧ | ૧૫ | ૧૧ |

| જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ | | મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી | સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસતી | જિલ્લા પંચાયતના મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | અનુસૂચિત આદિજાતિની | | જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વસતી | ટકાવારી | વસતી | ટકાવારી | અનુ. જાતિની બેઠકો માટે | અનુ. આદિ જાતિની બેઠકો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૭(૧) | ૭(૨) | ૮ | ૯ |
| ૨૪ | તિથવા તા. વાંકાનેર | ૧-અરણીટીબા | ૨૭૬૩ | ૭૨૫૩ | ૨૧૬ | ૨.૯૮ | ૨૪૮ | ૩.૪૨ | | |
| | | ૧૮-પીપળીયા રાજ | ૪૨૧૮ | ૬૯૪૧ | ૨૦૪ | ૨.૯૪ | ૦ | ૦.૦૦ | | |
| | | ૨૩-સિંધાવદર | ૪૬૧૧ | ૬૩૭૦ | ૫૫૦ | ૮.૬૩ | ૭ | ૦.૧૧ | | |
| | | ૨૪-તિથવા | ૬૭૮૨ | ૬૭૮૨ | ૨૯૩ | ૪.૩૨ | ૨૩ | ૦.૩૪ | | |
| | | કુલ | | ૨૭૩૪૬ | ૧૨૬૩ | ૪.૬૨ | ૨૭૮ | ૧.૦૨ | ૧૯ | ૪ |

જે તે જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની યાદી તાલુકા પંચાયત મતદાર મંડળવાર આ સાથે સામેલ અનુસૂચિ-રમાં જણાવ્યા મુજબ રહે છે.

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | અ.જા./અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **અનુસૂચિત જાતિ** | | | |
| ૧૧ | લજાઇ, તા. ટંકારા | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૧૪ | મકનસર, તા. મોરબી | ૨ | અનુસૂચિત જાતિ |
| **અનુસૂચિત આદિજાતિ** | | | |
| ૮ | જાંબુડીયા | ૧ | અનુસૂચિત આદિજાતિ |

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવાની બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | આમરણ, તા. મોરબી | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૨ | બગથળા, તા. મોરબી | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ચંદ્રપૂર, તા. વાંકાનેર | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૪ | ચરાડવા, તા. હળવદ | સા.શૈ. પછાતવર્ગ |
| ૫ | ઢુવા, તા. વાંકાનેર | સા.શૈ. પછાતવર્ગ |
| ૬ | ઘનશ્યામપૂર, તા. હળવદ | સા.શૈ. પછાતવર્ગ |

૧૬. નિયમોના નિયમ ૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવાની બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૭ | ઘુંટુ, તા. મોરબી | સામાન્ય સ્ત્રી |
| ૯ | જેતપર, તા. મોરબી | સામાન્ય સ્ત્રી |
| ૧૦ | ખાખરેચી, તા. માળીયા (મીં.) | સામાન્ય સ્ત્રી |
| ૧૨ | લક્ષ્મીનગર, તા. મોરબી | સામાન્ય સ્ત્રી |
| ૧૩ | મહિકા, તા. વાંકાનેર | સામાન્ય સ્ત્રી |
| ૧૫ | માથક, તા.હળવદ | સામાન્ય સ્ત્રી |
| ૧૬ | મોટા દહિસરા, તા. માળીયા (મીં.) | સામાન્ય સ્ત્રી |
| ૧૭ | નેકનામ, તા. ટંકારા | સામાન્ય સ્ત્રી |
| ૧૮ | ઓટાળા, તા. ટંકારા | બિનઅનામત સામાન્ય |
| ૧૯ | રાજાવડલા, તા. વાંકાનેર | બિનઅનામત સામાન્ય |
| ૨૦ | રાતીદેવળી, તા. વાંકાનેર | બિનઅનામત સામાન્ય |
| ૨૧ | સાપકડા, તા. હળવદ | બિનઅનામત સામાન્ય |
| ૨૨ | સરવડ, તા. માળીયા (મીં.) | બિનઅનામત સામાન્ય |
| ૨૩ | ટીકર (રણ), તા. હળવદ | બિનઅનામત સામાન્ય |
| ૨૪ | તિથવા, તા. વાંકાનેર | બિનઅનામત સામાન્ય |

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ -૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન કરી) બેઠકો ફાળવણી કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ ૪(૩), ૫(૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત(મતદાર વિભાગનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે:

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી).

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઇ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૮. મોરબી જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો નંબર** | **મતદાર મંડળનું નામ** | **મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)** | **ફાળવવામાં આવેલ અ.જા/ અ.જ.જા બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| | | **અનુસૂચિત જાતિ** | |
| ૧૧ | લજાઇ, તા. ટંકારા | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૧૪ | મકનસર, તા. મોરબી | ૨ | અનુસૂચિત જાતિ |
| | | **અનુસૂચિત આદિજાતિ** | |
| ૮ | જાંબુડીયા | ૧ | અનુસૂચિત આદિજાતિ |

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૫ | ઢુવા, તા. વાંકાનેર | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૬ | ઘનશ્યામપૂર, તા. હળવદ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ઘુંટુ, તા. મોરબી | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૯ | જેતપર, તા. મોરબી | સા.શૈ. પછાતવર્ગ |
| ૧૦ | ખાખરેચી, માળીયા (મીં.) | સા.શૈ. પછાતવર્ગ |
| ૧૨ | લક્ષ્મીનગર, તા. મોરબી | સા.શૈ. પછાતવર્ગ |

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | આમરણ, તા. મોરબી | સામાન્ય સ્ત્રી |
| ૩ | ચંદ્રપૂર, તા. વાંકાનેર | સામાન્ય સ્ત્રી |
| ૧૫ | માથક, તા. હળવદ | સામાન્ય સ્ત્રી |
| ૧૭ | નેકનામ, તા. ટંકારા | સામાન્ય સ્ત્રી |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૨૦ | રાતીદેવળી, તા. વાંકાનેર | સામાન્ય સ્ત્રી |
| ૨૧ | સાપકડા, તા. હળવદ | સામાન્ય સ્ત્રી |
| ૨૨ | સરવડ, તા. માળીયા (મીં.) | સામાન્ય સ્ત્રી |
| ૨૪ | તિથવા, તા. વાંકાનેર | સામાન્ય સ્ત્રી |
| ૨ | બગથળા, તા. મોરબી | બિનઅનામત સામાન્ય |
| ૪ | ચરાડવા, તા. હળવદ | બિનઅનામત સામાન્ય |
| ૧૩ | મહિકા, તા. વાંકાનેર | બિનઅનામત સામાન્ય |
| ૧૬ | મોટા દહિસરા, તા. માળીયા (મીં.) | બિનઅનામત સામાન્ય |
| ૧૮ | ઓટાળા, તા. ટંકારા | બિનઅનામત સામાન્ય |
| ૧૯ | રાજાવડલા, તા. વાંકાનેર | બિનઅનામત સામાન્ય |
| ૨૩ | ટીકર (રણ), તા. હળવદ | બિનઅનામત સામાન્ય |

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ મોરબી જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી ને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેનાં સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, મોરબીને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૧-મોરબી-જિ.પં.-૨૦૨૬, તા.૦૬-૦૧-૨૦૨૬નું સાંધણ**

**અનુસૂચિ-૧**

**જિલ્લાનું નામ : મોરબી** **જિલ્લા પંચાયતનું નામ : મોરબી**

| અ. નં. | જિલ્લા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | તાલુકાનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૩(૩) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | મોરબી | ૧ | આમરણ | મોરબી | ૧૦ | ૧૯ | સામાન્ય સ્ત્રી |
| | | ૨ | બગથળા | મોરબી | ૭ | ૧૪ | બિનઅનામત સામાન્ય |
| | | ૩ | ચંદ્રપૂર | વાંકાનેર | ૨૦ | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૪ | ચરાડવા | હળવદ | ૧૨ | ૧૮ | બિનઅનામત સામાન્ય |

| અ. નં. | જિલ્લા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | તાલુકાનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| | | ૫ | ઢુવા | વાંકાનેર | ૨૪ | ૫ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| | | ૬ | ઘનશ્યામપૂર | હળવદ | ૧૪ | ૧૩ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| | | ૭ | ઘુંટુ | મોરબી | ૪ | ૨ | સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી |
| | | ૮ | જાંબુડીયા | મોરબી | ૩ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૯ | જેતપર | મોરબી | ૧૬ | ૯ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૧૦ | ખાખરેચી | માળીયા (મીં.) | ૨૨ | ૨૧ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૧૧ | લજાઇ | ટંકારા | ૧ | ૭ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| | | ૧૨ | લક્ષ્મીનગર | મોરબી | ૬ | ૮ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૧૩ | મહિકા | વાંકાનેર | ૧૭ | ૧૭ | બિનઅનામત સામાન્ય |
| | | ૧૪ | મકનસર | મોરબી | ૨ | ૬ | અનુસૂચિત જાતિ |
| | | ૧૫ | માથક | હળવદ | ૨૧ | ૨૨ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૬ | મોટા દહિસરા | માળીયા (મીં.) | ૧૮ | ૨૩ | બિનઅનામત સામાન્ય |
| | | ૧૭ | નેકનામ | ટંકારા | ૧૧ | ૩ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૮ | ઓટાળા | ટંકારા | ૮ | ૧૦ | બિનઅનામત સામાન્ય |
| | | ૧૯ | રાજાવડલા | વાંકાનેર | ૨૩ | ૧૬ | બિનઅનામત સામાન્ય |
| | | ૨૦ | રાતીદેવળી | વાંકાનેર | ૯ | ૧૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૨૧ | સાપકડા | હળવદ | ૫ | ૨૦ | સામાન્ય સ્ત્રી |
| | | ૨૨ | સરવડ | માળીયા (મીં.) | ૧૩ | ૨૪ | સામાન્ય સ્ત્રી |
| | | ૨૩ | ટીકર (રણ) | હળવદ | ૧૫ | ૧૧ | બિનઅનામત સામાન્ય |
| | | ૨૪ | તિથવા | વાંકાનેર | ૧૯ | ૪ | સામાન્ય સ્ત્રી |

**આર. જી. ગોહિલ**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૧-મોરબી-જિ.પં.-૨૦૨૫, તા.૦૬-૦૧-૨૦૨૬નું સાંધણ**

**અનુસૂચિ-૨**

**મોરબી જિલ્લા પંચાયતની તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી**

**તાલુકા પંચાયત : હળવદ**

| અ.નં. | તાલુકા પંચાયતના મતદાર મંડળ નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | અજીતગઢ | ૧ | અજીતગઢ |
| | | ૨ | માનગઢ |
| | | ૩ | મીયાણી |
| | | ૪ | મયાપૂર |
| ૨ | ચરાડવા | ૧ | ચરાડવા |
| ૩ | ચુંપણી | ૧ | ચુંપણી |
| | | ૨ | ખેતરડી |
| | | ૩ | માણેકવાડા |

| અ.નં. | તાલુકા પંચાયતના મતદાર મંડળ નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | ડુંગરપૂર |
| ૪ | દિધડીયા | ૧ | દિધડીયા |
| | | ૨ | ચીત્રોડી |
| | | ૩ | પલાસણ |
| | | ૪ | ગોલાસણ |
| ૫ | ઘનશ્યામપૂર | ૧ | ઘનશ્યામપૂર |
| | | ૨ | ભલગામડા |
| ૬ | ઈશનપૂર | ૧ | ઈશનપૂર |
| | | ૨ | જોગડ |
| | | ૩ | કીડી |
| | | ૪ | ખોડ |
| ૭ | જુના દેવળીયા | ૧ | જુના દેવળીયા |
| | | ૨ | સુસવાવ |
| ૮ | કડીયાણા | ૧ | કડીયાણા |
| | | ૨ | રણજીતગઢ |
| | | ૩ | સુંદરગઢ |
| | | ૪ | કેદારીયા |
| ૯ | કવાડીયા | ૧ | કવાડીયા |
| | | ૨ | સુખપર |
| | | ૩ | કોયબા |
| ૧૦ | માલણીયાદ | ૧ | માલણીયાદ |
| | | ૨ | વેગડાવાવ |
| | | ૩ | ધણાંદ |
| ૧૧ | માથક | ૧ | માથક |
| | | ૨ | સુંદરીભવાની |
| ૧૨ | મયુરનગર | ૧ | મયુરનગર |
| | | ૨ | ધનાળા(જુનુ) |
| | | ૩ | રાસંગપર |
| ૧૩ | નવા દેવળીયા | ૧ | નવા દેવળીયા |
| | | ૨ | સુરવદર |
| | | ૩ | પ્રતાપગઢ |
| | | ૪ | ધુળકોટ |
| | | ૫ | ઘનશ્યામનગર (ધનાળા) |
| ૧૪ | નવા ઘનશ્યામગઢ | ૧ | નવા ઘનશ્યામગઢ |
| | | ૨ | ઈગોરળા |
| | | ૩ | જુના અમરાપર |
| | | ૪ | નવા અમરાપર |
| | | ૫ | ચાડધ્રા |
| ૧૫ | રણમલપૂર | ૧ | રણમલપૂર |

| અ.નં. | તાલુકા પંચાયતના મતદાર મંડળ નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૨ | મંગળપૂર |
| | | ૩ | બુટવડા |
| | | ૪ | ચંદ્રગઢ |
| ૧૬ | રણછોડગઢ | ૧ | રણછોડગઢ |
| | | ૨ | રાયધ્રા |
| | | ૩ | સરંભડા |
| | | ૪ | પાંડાતીરથ |
| ૧૭ | રાણેકપર | ૧ | રાણેકપર |
| | | ૨ | મેરૂપર |
| | | ૩ | માનસર |
| | | ૪ | શિરોઇ |
| ૧૮ | રાતાભે | ૧ | રાતાભે |
| | | ૨ | શિવપૂર |
| | | ૩ | વાંકીયા |
| | | ૪ | સમલી |
| | | ૫ | દેવીપૂર |
| ૧૯ | સાપકડા | ૧ | સાપકડા |
| | | ૨ | ઢવાણા |
| ૨૦ | ટીકર(રણ) | ૧ | ટીકર(રણ) |
| | | ૨ | નવા ઘાંટીલા |

**તાલુકા પંચાયત : માળીયા મીંયાણા**

| અ.નં. | તાલુકા પંચાયતના મતદાર મંડળ નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
